





ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર સે. ૨૧ના વેરીઓની માંગણીઓની આખરે હકારાત્મક પ્રતિસાદ મળ્યો અને નવેસરથી ગટર લાઈન અને રસ્તાઓનું મરામતનું કામ કોર્પોરેશન દ્વારા હાથ ધરાયું છે. નગરજનોથી ધમધમતા આ ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં જે સમારકામ ચાલી રહ્યુ છે, તે થોડુ વધુ ઝડપથી થશે તો આવનારા સમયમાં વાઈબ્રન્ટ ફેસ્ટીવલ પ્રસંગે બહારના લોકોને પણ સરળતા રહેશે તેવું સ્થાનિક વેપારીઓનું માનવું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ચા મોડી મુકતા પતિએ પત્નિને બેરહેમીપૂર્વક મારી

## હાથે-પગે લાલઘુમ શૉળ પડી ગયા : મારી પહોંચ ઊંચી છે તું મારૂ કાંઈ નહી બગાડી શકે કહીને ઈજાગ્રસ્ત પત્નિને ઘરમાં ગોંધી રાખી : સે. ૩નો બનાવ

ગાંધીનગર, તા. ૧૦

શહેરના સેક્ટર-૩ ડી ખાતે રહેતી ત્રણ સંતાનની માતાને તેમીના પતિએ ચા મોડી મુકવા જેવા નજીવા કારણોસર બેરહેમીપૂર્વક ઢોર માર મારતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. પત્નિને માર મારીને ઘરમાં જ ગોંધી રાખવામાં આવી હતી અને પિયરમાંથી બીજા દિવસે ફોન ગયો ત્યારે પતિના કારનામાની જાણ થઈ હતી અને ત્યાર બાદ હોસ્પિટલ લઈ જવાઈ હતી. તેવો પરિવારજનોનો આક્ષેપ છે. આ બનાવ અંગે સેક્ટર-૭ પોલીસે કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૪૯૮(ક), ૫૦૬(૨), ૧૧૪ અને ૧૩૫ મુજબ પતિ વિરૂદ્ધ ગુનો નોંધી પીએસઆઈ વી.યુ. ગડરીયાએ તપાસ સંભાળી છે. ઈજાગ્રસ્ત પત્નિનું કહેવું હતુ કે તેના પતિ ઘણા વર્ષોથી ત્રાસ આપતા હતા પરંતુ



પોતે ઊંચી વગ ધરાવતો હોવાથી કોઈ તેનું કાંઈ બગાડી શકશે નહી તેમ કહીને તેણીના ભાઈને પણ મારી નાંખવાની ધમકી આપતા હોવાથી ડરના માર્યા પોલીસ સુધી જવાની હિંમત કરતી ન હતી.

સેક્ટર-૩-ડી માં રહેતી ૩૭ વર્ષિય સવિતાબેનને રવિવારે તેણીના પતિ અશોક રાઠોડે ચા મોડી બનાવીને આપવાના બહાને પાઈપ વડે ખુબ માર માર્યો હતો. ત્યાર બાદ ઘરમાં જ ગોંધી રાખી હતી. બીજે દિવસે



સવિતાબેનના પિયરમાંથી ફોન આવ્યો અને વાત થઈ ત્યારે પિયર પક્ષમાં પિતાને આવ્યો કે તેમની વ્હાલસોયી દીકરીને જમાઈએ મારી છે. ખબર પુછવા સે. ૧૨માંથી સે. ૩માં પરીવાર ગયુ ત્યારે લાલઘુમ શોલના નિશાન હાથે અને પગે જોઈને કંપી ઉઠ્યા હતા. તાત્કાલિક તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જઈ સારવાર શરૂ કરાઈ અને ક્રૂર પતિ અશોક રાઠોડ સામે સેક્ટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. સવિતાબેનના કહ્યા મુજબ તેમનો પતિ ધમકી આપતો હતો કે મારા પિતા ભાજપના કાર્યકર છે અને સગા પોલીસમાં છે તુ અમારૂ કાંઈ નહી બગાડી શકે, કાંઈ કર્યું છે તે જીવતી નહી મુકુ...! તો બીજી તરફ પોતાની કેન્સરગ્રસ્ત વૃદ્ધ માતાની જ્યારે સારવાર ચાલતી હતી ત્યારે પણ માંડ ખબર પુછવા તેણીને લઈ જવાતી હતી અને સતત ત્રાસ આપવામાં આવતો હતો. જો કે પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

# મોબાઈલ ઝુંટવીને ભાગી ગયેલા બે ટાબરીયા ઝડપાયા

## ફોટોગ્રાફી અને સોંગ સાંભળવાનો શોખ પુરો કરવા ટાબરીયાઓએ ચોરી કરી હતી

ગાંધીનગર, તા. ૧૦

કલોલ શહેરમાં લકી ટી સ્ટોલ સામેના રોડ પર ત્રણેક માસ પહેલા મોબાઈલ પર વાત કરતાં એક યુવાન પાસેથી મોબાઈલ ઝુંટવીને બે શખ્સો ભાગી ગયા હતા. ગાંધીનગર એલસીબીની ટીમે આજે બંનેને પકડી પાડ્યા છે. બે ટાબરીયાઓએ મોબાઈલમાં ફોટોગ્રાફી અને સોંગ સાંભળવાના શોખને પુરો કરવા ગુનો આચરી લીધો હોવાનું બહાર આવ્યું છે. કાયદાના સંઘર્ષમાં આવેલા બંને ટીનેજર્સને એલસીબીએ કલોલ શહેર પોલીસને સોંપી દીધા છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ એચ.કે. સોલંકી તથા હે.કો. સુરેશભાઈ, પો.કો. જયવિરસિંહ, રણજીતસિંહ, વિક્રમસિંહ અને કેતનકુમાર કલોલ વિસ્તારમાં ચેકીંગમાં હતા ત્યારે કલોલ આંબેડકર ત્રણ રસ્તા પાસેથી મોપેડ પર ડબલ સવારી નિકળેલા બે કિશોરોને રોકવા ઈશારો કરતાં બંને ભાગ્યા હતા. તેમના પર શંકા જતા બંનેને પકડીને પુછપરછ કરવામાં આવતા બહાર આવ્યુ કે તેમની પાસે રહેલો મોબાઈલ સાડા ત્રણ માસ પહેલા લકી ટી સ્ટોલ સામે થયેલી મોબાઈલ ચોરીનો છે. કડીથી કલોલ શહેરમાં ફરવા આવ્યા હતા. ત્યારે બંનેએ મળીનો મોબાઈલ ઝુંટવી લીધો હતો અને ભાગી ગયા હતા. પુછતાછમાં બહાર આવ્યુ કે મોજશોખ માટે તેમણે આ ગુનો આચર્યો હતો. એલસીબીએ બંને કિશોરો સામે કાયદેસરની કાર્યવાહી કરીનો કલોલ શહેર પોલીસને સોંપ્યા છે.



ગાંધીનગર જેસીઆઈની ટીમે ગઈકાલે મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલની સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી. જેસીઆઈની ટીમના તમામ સભ્યોને તેમની સેવાકીય પ્રવૃત્તિઓ માટે મુખ્યમંત્રીશ્રી તરફથી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# ત્રણ દિવસથી લાપત્તા યુવાનનો રાયપુર કેનાલમાંથી મૃતદેહ મળ્યો

## અમદાવાદનો યુવાન રવિવારે ઘરેથી ચાલ્યો ગયો હતો : કેનાલ બહારથી બાઈક મળ્યુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક રાયપુર સાયફન નર્મદા કેનાલના પાણીમાંથી ૨૫ વર્ષિય યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે તપાસ કરતાં ત્રણ દિવસથી લાપત્તા અમદાવાદના યુવાનનો મૃતદેહ હોવાનું જાણવા મળ્યું છે. મૃતદેહ જ્યાંથી મળ્યો ત્યાંથી થોડે દૂર કેનાલની બહારથી બાઈક પણ મળી આવ્યુ છે. પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી પરિવારજનોને સોંપી દીધો છે અને આપઘાતની શક્યતાને પગલે કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

રાયપુર સાયફનમાંથી આજે સવારે તરતો મૃતદેહ અંગે અડાલજ પોલીસને જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ બહાર કાઢી ખિસ્સા ફંફોસતા તેમાંથી બાઈકનું પી.યુ.સી. તથા ઓળખકાર્ડ મળતાં મૃતક યુવાનની ઓળખ થઈ હતી. બાઈક કેનાલ બહાર થોડે દૂરથી મળી આવ્યું હતું. અમદાવાદના નરોડા વ્યાસવાડી વિસ્તારનો રહેવાસી અને મુળ અરવલ્લીના માલપુર વિસ્તારના આ ૨૫ વર્ષીય યુવાન વિજય રામાભાઈ પટેલના માતા-પિતાનું અવસાન થઈ ગયેલુ છે. તેના ભાઈ-ભાભી સાથે તે રહેતો હતો અને અમદાવાદના મકરબા વિસ્તારમાં કોમ્પ્યુટર ઓપરેટર ડિઝાઈનર તરીકે કામ કરતો હતો. અપરિણીત આ યુવાન રવિવારે બપોરે તેની ભાભીને હુ આવુ છુ કહીને બાઈક પર ઘરેથી નીકળી ગયો હતો તેનો આજે રાયપુરી મૃતદેહ મળ્યો હતો. આપઘાતની શક્યતાને લઈ ડભોડા પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે. પરંતુ આપઘાતનું કારણ હજુ બહાર આવ્યુ નથી.

# નિવૃત્ત કર્મચારી મહામંડળ દ્વારા પડતર માંગણી અંગે સત્વરે ઉકેલ લાવવા માંગ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મહામંડળ વડોદરા દ્વારા રાજ્યના પાંચ લાખ નિવૃત્ત કર્મચારીઓના પડતર પ્રશ્નોના સત્વરે ઉકેલ લાવવા માંગણી કરેલ છે. આ માંગણીઓમાં અપરિણિત પુત્રીને આજીવન પેન્શન આપવાથી લઈને ઘરભાડા ભથ્થુ અને દાક્તરી સારવાર અંગેની માંગણીઓનો સમાવેશ થાય છે.

રાજ્યના નિવૃત્ત કર્મચારીઓએ સરકાર સમક્ષ લાંબા સમયથી કેટલીક માંગણીઓ મુકેલ છે જે અંગે સરકારી હૈયાધારણ પણ આપેલ છે. આ માગણીઓમાં પેન્શનરોની અપરિણિત પુત્રીને કેન્દ્ર સરકારની જેમજ આજીવન પેન્શન આપવા, ઉંમરની આંટ રદ કરવા, એસ.ટી.માં મુસાફરી ભાડામાં ૫૦ ટકા રાહત અથવા પ્રવાસન વિભાગ દ્વારા ૧લી જુન ૦૬ પહેલા નિવૃત્ત થયેલાઓને અદાલતના આદેશ અનુસાર પે-ગ્રેડનો લાભ આપવા, મૃત્યુ પામનાર પેન્શનરને જે તે માસનું પુરુ પેન્શન આપવા, કુટુંબ પેન્શનરને અંતેષ્ઠી વિધિ માટે તેમજ ઘરભાડુ અને ઈયરફોન વગેરેની સુવિધા આપવાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત આંખના મોતિયા માટે પેકેજ, દરેક જિલ્લામાં હૃદયરોગની હોસ્પિટલને માન્યતા આપવા, મેડિકલ માટે માસિક રૂ. ૧૦૦૦ની રકમ આપવા તેમજ હૃદયરોગના પેકેજમાં વધારો કરવા અને પાંચ હજારથી ઉપરની રકમ માટે કાઉન્ટર સહી રાખવા માંગ કરાઈ. પેન્શનરો માટે અદાલતની રચના, પેન્શનરોને ઓળખકાર્ડ આપવા, યાત્રાધામના પ્રવાસ માટે મફત વીમા સુવિધા, પેન્શનરો માટે આવાસ યોજના, અથવા ઘરભાડુ આપવા જેવી માંગણીઓ હજુ પણ અટવાયેલી છે.

ઉપરોક્ત માંગ અંગે રાજ્યના પેન્શનરોના બંને મંડળો દ્વારા રજૂઆત કરેલી છે. પરંતુ સરકાર દ્વારા માત્ર હૈયાધારણ જ આપવામાં આવી છે ઉકેલ લવાતો નથી. જેનું પેન્શનરોને દુઃખ છે. આથી રાજ્ય નિવૃત્ત કર્મચારી મહામંડળ દ્વારા સત્વરે પડતર માંગણીઓ દૂર કરવા માંગ કરાઈ છે.



શહેરના ઘ-માર્ગ પર સે. ૧૬/૧૭ના વળાંક પાસે બપોરના અરસામાં કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેને પગલે કાર ડીવાઈડર ઉપર ચઢી જવા પામી હતી. આ બનાવમાં સદ્‌ભાગ્યે કોઈને ગંભીર ઈજાઓ કે જાનહાનિ થવા પામી ન હતી.

# નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોને મળવાપાત્ર લાભો ચુકવવા ખંડપીઠનો સરકારને આદેશ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્યના નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોને બઢતી ન મળવાના કિસ્સામાં સિલેકશન ગ્રેડ ચાલુ રાખી ત્રણ ઉચ્ચત્તર પગાર ધોરણ આપવાના કોર્ટના આદેશનું સરકાર દ્વારા પાલન ન કરાતા કોર્ટ ઓફ કન્ટેમ્પ્ટ પીટીશન દાખલ કરાઈ હતી તે અંતર્ગત નિમાયેલી ખંડપીઠે શિક્ષકોને મળવાપાત્ર લાભો આપવા સરકારને આદેશ કર્યો છે.

તા. ૧-૬-૧૯૮૭થી તા. ૩૧-૭-૯૪ સુધીમાં નિવૃત્ત થયેલ અને તા. ૨૬-૧૨-૧૯૮૫ પહેલાં સિલેક્ષન ગ્રેડ મેળવેલ હોય તેવા ગુજરાત રાજ્યના તમામ નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોને નાણાં વિભાગના તા. ૫-૭-૯૧ ના ઠરાવ ક્રમાંક એઓપી ૧૦૯૧-૩-મ અન્વયે બઢતી ન મળવાના કિસ્સામાં સિલેક્ષન ગ્રેડ ચાલુ રાખીને ૯/૧૮/૨૭ મુજબ ત્રણ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં થયેલ સ્પે. સી.એ.નં. ૧૦૧૪૨/૨૦૦૯ માં તા. ૩૦-૧-૨૦૧૩ ઓરલ ઓર્ડર આપવામાં આવેલ. જેના અમલમાં વિલંબ અને કોર્ટના હુકમનો અનાદર થવાથી કોર્ટ ઓફ કન્ટેમ્પ્ટ પીટીસન દાખલ થતાં તા. ૧૦-૯-૨૦૧૪ના રોજ નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોને મળવાપાત્ર લાભ આપવા અંગે થયેલ કામગીરીનો પ્રોગ્રેસ રિપોર્ટ કોર્ટમાં રજુ કરવા જસ્ટીસ શ્રી એમ.આર. શાહ અને જસ્ટીસ શ્રી કે.જે. ઠાકરની ખંડપીઠે સરકારને આદેશ કરેલ છે.

જાણવા મળ્યા મુજબ રાજ્યના શિક્ષણ વિભાગે દરેક જિલ્લાના પ્રા. શિક્ષણાધિકારીશ્રીઓને સુચના આપીને સંબંધ કરતા નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોને મળવાપાત્ર લાભ મંજુર કરી પેન્શન સુધારણા સહિતના તમામ લાભો આપવા જમાવેલ છે. આ અંગે થયેલ કામગીરિનો પ્રોગ્રેસ રિપોર્ટ પણ મંગાવેલ છે. આ કામગીરી યુદ્ધના ધોરમે દરેક જિલ્લામાં ચાલુ કરી દેવામાં આવેલ છે. જાણવા મળ્યા મુજબ નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોને મળવાપાત્ર લાભ આપવા માટે સમગ્ર ગુજરાતમાં આણંદ જિલ્લો અગ્રેસર હોય એમ લાગે છે. આણંદ જિલ્લામાં અંદાજે ૬૫૦ લાભાર્થી નિવૃત્ત શિક્ષકોની દરખાસ્તો મંજુરી અર્થે લોકલ ફંડ કચેરીએ મોકલી આપવામાં આવેલ છે. પગાર તફાવત કે પેન્શન તફાવતનો ઘણો મોટો લાભ પેન્શનરને અથવા તેના આશ્રીતોને મળવાપાત્ર થશે. જે માટે જાગૃત થઈ સંબંધકર્તા તાલુકાની શિક્ષણશાખાનો સંપર્ક કરી માહિતી મેળવી શકાય છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૨
સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૪૯ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

એકશન જેકસન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

એકશન જેકસન : ૧.૦૦, ૪.૦૦, ૯.૦૦

ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૨.૦૦, ૭.૦૦

સ્ક્રીન-૩ :

ઉંગલી : ૧૦.૪૫, ૪.૧૫, ૧૦.૦૦

ઝીદ : ૧. ૧૫, ૭.૧૫

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

એકશન જેકસન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

એકશન જેકસન : ૧.૪૫, ૪.૪૫, ૯.૩૦

ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦

: સ્ક્રીન-૩ :

એકસોડસ ગોડ એન્ડ કિંગ્સ (ઇંગ્લીશ) ૩ડી : ૧૧.૩૦, ૨.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

ધ હંગર ગેમ : ૫.૦૦

: સ્ક્રીન-૪ :

એકશન જેકસન : ૧૦.૦૦

ઝીદ : ૧.૦૦

ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૪.૦૦

ઉંગલી : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

એકશન જેકસન : ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૧૨.૦૦

: સ્ક્રીન-૬ :

એકશન જેકસન : ૪.૪૫

ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦

ઉંગલી : ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. જોશી જયાબેન અમૃતલાલ (ઉ.વ.૮૬) પ્લોટ નં. ૪૪૯/૧, સેક્ટર-૩સી, ગાંધીનગર
- સ્વ. રામદાસ મીશ્રીલાલ શર્મા (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૧૫૮૧/૧, સેક્ટર-૫સી, ગાંધીનગર